# ટોરેન્ટ પાવર લીમીટેડ
## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ
**છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ ''ટીપીએલ-ડી'' તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૬૯૭/૨૦૧૮ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના ટ્રુઇંગ અપ અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સુરત સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે. સુરત સપ્લાય વિસ્તાર માટે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે મંજુર કરેલ એઆરઆર અને હાલના વીજદરે મંજુર કરેલ વીજ વેચાણના આધારે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૩ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટેરિફ નિર્ધારણ માટેની વ્યાજ ખર્ચ સહિતની સંચિત ખાધ રૂા. ૬૭.૭૯ કરોડ થાય છે. આ સમગ્ર ખાધ પાછલા વર્ષોની બાકી રહેલ વસુલાતને કારણે છે. તેથી, **ટીપીએલે ભવિષ્યના ખર્ચાઓ માટે વીજદરમાં કોઈ વધારો માંગેલ નથી** અને આ પાછલા વર્ષોની બાકી રહેલ સંચિત ખાધને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન રૂા. ૦.૨૦ પ્રતિ યુનીટના દરે **રેગ્યુલેટરી ચાર્જ** દ્વારા વસુલવા દરખાસ્ત કરેલ છે.

૪ **ઓપન એક્સેસ ચાર્જીસ :** ટીપીએલે ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલીંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નક્કી કરવા માટે દરખાસ્ત કરેલ છે.

૫ **એફપીપીપીએ :** બેઝ એફપીપીપીએનો દર રૂા.૧.૨૩ પ્રતિ યુનિટ પર યથાવત રાખેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇ:**

૬ નિરીક્ષણ માટે અરજીની નકલો એજીએમ (એપી), ટોરેન્ટ પાવર લીમીટેડ, ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ, સુરત ૩૯૫ 003ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૧૭૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા.૫૦/- (રૂપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૭ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com નાં રેગ્યુલેટરી સેક્શન ઉપરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકા:**

૮ જીઇઆરસીના નિયમો અનુસાર, આથી જાહેર સૂચના અપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી પાંચ સેટમાં તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવીટ સાથે સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
''સમન્વય'', ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. : ૯મી જાન્યુઆરી, ૨૦૧૮

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**